# જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જુનાગઢ જિલ્લો, જુનાગઢ

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

નં.એમએજી/સી/૩૬૮૧/૨૦૧૩ તા. ૦૮/૦૭/૨૦૧૩

**–// હુ ક મ //–**

પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢના પત્ર ક્રમાંક: સી/એલઆઈબી/સોમનાથ/૨૧૦૦/૧૩, તા.૬/૭/૨૦૧૩ થી જુનાગઢ જિલ્લામાં આવેલ પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમા આ મંદીરના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ સમુદ્રની ભૌગોલીક પરિસ્થિતિથી અજાણ હોય, સમુદ્રમાં નાહવા જતા ડુબી જવાના બનાવો બનવા પામેલ છે. શ્રી સોમનાથ મંદિર પાસેનો સમુદ્ર કિનારો પ્રથમ દષ્ટિએ છીછરો દેખાઈ છે, પરંતુ થોડા અંદર જતા સમુદ્રમા બહુજ મોટા વજનદાર ખડકાળ પત્થરો છે જેથી સમુદ્રમાં નાહવા પડેલ વ્યકિત સહેલાઈથી બહાર આવી શકતી નથી તથા આ અરબી સમુદ્ર વિસ્તારમાં આવતા મોજાઓ વાંકાચુકા તથા ઘાતક આવે છે. હાલમાં આ સ્થળે નવી ચોપાટી બનાવવાનુ કામ શરૂ થયેલ છે.તથા મોટા પત્થરો સમુદ્રમાં ઉતારી રસ્તો બનાવેલ છે, જેની સાથે પાણીનો પ્રવાહ સતત અથડાતો હોય, સેવાળવાળા પત્થરના કારણે કોઈપણ વ્યકિત તેના ઉપરથી લપસી જવાના કારણે સમુદ્રમાં પડી જાય તેવી શકયતાઓ રહે છે.અમુક કિસ્સામાં અમુક વ્યકિતઓ પોતે આ પવિત્ર યાત્રાધામના દર્શન કરી પોતાના આત્માને મોક્ષ મળશે તેવો વિચાર ધરાવી સમુદ્રમાં પડી આત્મહત્યા કરે છે. છેલ્લા ૧૦ વર્ષમાં આવા બનાવો બનેલ છે. સબબ તેમ જણાવી શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદીરની પુર્વે–પશ્ચિમ બન્ને સાઈડમાં આશરે ચાર કી.મીના વિસ્તારમાં સમુદ્ર કાંઠે કોઈપણ વ્યકિતઓને સમુદ્રમાં નાહવા માટે કે સમુદ્રના ઉંડા પાણીમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ સી.આર.પી.સી.૧૪૪ તળે દિન–૬૦ માટેનુ જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ દરખાસ્ત વિગતે સોમનાથ દરીયા કિનારે મોજામાં તણાઈ જવાથી, નાહવા પડતા ડુબી જવાથી કે અન્ય રીતે માનવ મૃત્યુના બનાવો બનવા પામેલ છે. આવા બનાવો બનતા અટકાવવાના ભાગરૂપે રજુ થયેલ દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

આથી હું એ.વી.વાઢેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨)ની કલમ–૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના પ્રભાસપાટણ મુકામે આવેલ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદીરની પુર્વે–પશ્ચિમ બન્ને સાઈડના આશરે ૪ (ચાર) કી.મી.ના વિસ્તારમાં સમુદ્ર કાંઠે કોઈપણ વ્યકિતએ સમુદ્રમાં નાહવા જવુ નહી કે સમુદ્રના ઉંડા પાણીમાં પ્રવેશ કરવો નહી.

ફરજની રૂઈએ આ વિસ્તારમાં કોઈ સરકારી ખાતાના કર્મચારી/અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરવાની થતી હોય તો તેઓને આ હુકમની જોગવાઈ લાગુ પડશે નહી.

આ હુકમ તા.૯/૭/૨૦૧૩ થી તા.૬/૯/૨૦૧૩ સુધી (બન્ને દિવસો સહિત) દિવસ–૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ: ૮ મી માહે:– જુલાઈ, સને–૨૦૧૩ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

(સહી) ૮/૭/૧૩
(એ.વી.વાઢેર)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જીલ્લો, જુનાગઢ.

**નકલ રવાના :–**

૧) પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ.

–જાહેરનામાની વધારાની ૩૫–નકલો આ સાથે સામેલ છે. તો આપના તાબાની તમામ પોલીસ ઈન્સ્પેકટરને મોકલી આપવા તથા બહોળી પ્રસિધ્ધિ કરાવવા તથા પ્રસિધ્ધીનો દાખલો દફતરે રાખી જાહેરનામાની અમલવારી કરાવવા માટે

૨) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, વેસ્ટર્ન રેલ્વે, જૂનાગઢ.

૩) કમીશ્નરશ્રી, જૂનાગઢ મહાનગરપાલીકા, જૂનાગઢ.

૪) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જૂનાગઢ, વેરાવળ, કેશોદ, મેંદરડા, વિસાવદર, ઉના.

૫) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ, વેરાવળ, કેશોદ, માંગરોળ.

૬) મામલતદારશ્રી અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ–વિસાવદર–ભેંસાણ–વંથલી–માણાવદર–વેરાવળ–તાલાળા–સુત્રાપાડા–કોડીનાર–ઉના–કેશોદ–માંગરોળ–મેંદરડા–માળીયા.

૭) ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા/બરો – કેશોદ, વેરાવળ, ઉના, માંગરોળ, વિસાવદર, કોડીનાર, તાલાળા, સુત્રાપાડા, વંથલી, માણાવદર, બાંટવા, ચોરવાડ.

–––ક્રમ : ૨ થી ૭ :– જાહેરનામુ પ્રસિધ્ધીનો દાખલો કચેરીના રેકર્ડ પર રાખવા તથા અમલવારી કરવા અર્થે.

૮) નાયબ માહિતી નિયામકશ્રી, માહિતિ ખાતુ, જુનાગઢ.

– સમાચાર પત્રોમાં પ્રેસનોટ તરીકે વિના મૂલ્યે પ્રસિધ્ધી કરાવી કચેરીના રેકર્ડ પર રાખવા અર્થે.

૯) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

હુકમની નકલ આ સાથે છે તો તેની ગુજરાત રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તથા તેની પાંચ નકલો તુરંત જ આ કચેરીના રેકર્ડ સારૂ મોકલી આપવા સારૂ.

૧૦) શાખા અધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા. – ગેઝેટ મેળવી આ જાહેરનામાની પાછળ રાખી કાયમી રેકર્ડ તરીકે રાખવા અર્થે.